# વૃદ્ધની વાત......!!

– યશવંત કડીકર

ઘણા સમય પહેલાંની વાત છે. કડી નામે મલ્હારરાવ ગાયકવાડનું એક રજવાડું હતું. આ નાના રાજ્યના લોકો ભલા–ભોળા અને સીધા હતા. ત્યાંના રાજા મલ્હારરાવ પણ એક સરળ રાજવી હતા. એમને પાંચ રાણીઓ હતી. એમણે એમની રાણીઓ માટે જુદા જુદા મહેલો બનાવડાવ્યા હતા.

એક દિવસની વાત છે. રાજાનો એક સિપાઈ સવારના તળાવમાં નહાવા માટે ગયો. હજુ તો નહાવાની શરૂઆત જ કરી હતી ત્યાં એ ચમકીને ઊભો થઈ ગયો. તળાવના સામા કિનારા પરથી કોઈકના રડવાનો અવાજ આવી રહ્યો હતો. ત્યાં પહોંચતાં એણે જોયું તો એક ઘરડો માણસ માથું પછાડી પછાડીને રડી રહ્યો હતો. તે રડતાં રડતાં બોલી રહ્યો હતો કે, ‘હાય મારી રાણી, તું ક્યાં ચાલી ગઈ ? હાય, હું તો લૂંટાઈ ગયો.

સિપાઈ આ સાંભળીને સમજ્યો કે ‘રાણી મરી ગયાં.’ એટલે તે પણ જોર શોરથી રડવા લાગ્યો. રોતાં રોતાં તે મહેલ તરફ ઊપડયો. રસ્તામાં એમને એક વાળંદ મળ્યો. તે પણ સિપાઈને રડતો જોઈને સિપાઈના પહેલાં જ એણે પોતાના વાળ કપાવી નાખ્યા અને બંને સાથે ચાલવા લાગ્યા. એ લોકો સેનાપતિના મહેલ તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં જેમણે પણ જોયું તેઓ રોતા રોતા એમની સાથે થઈ ગયા.

સેનાપતિએ એના મહેલની અગાશી પરથી આ કલ્પાંત કરતા આવી રહેલા ટોળાને જોયું. તેઓ ગભરાઈને નીચે આવ્યા અને જ્યારે એમને રાણીના મૃત્યુના સમાચાર મળ્યા તો એમણે પણ મૂંડન કરાવી નાખ્યું અને રોતાં રોતાં ભીડમાં જોડાઈ ગયા.

સૌથી મોટાં રાણી એ વખતે નહાવાની તૈયારીમાં પડયાં હતાં. તે આ બધું જોઈને પોતે પણ રડવા લાગ્યાં અને પછી કાળાં કપડાં પહેરીને નાનાં રાણીના ઘર તરફ ચાલ્યાં.

પોતાના મહેલ સામે આ ટોળાને જોઈને નાનાં રાણી બહાર આવ્યાં અને મોટાં રાણીને કહ્યું કે, ‘શું વાત છે, મોટી બહેન ?’

મોટાં રાણી તો પહેલેથી જ ગભરાયેલાં હતાં એટલે એમણે કોઈ જવાબ ના આપ્યો. એમણે વચેટ રાણી તરફ જોયું. વચેટે એનાથી નાની રાણી તરફ જોયું. પછી બધાં એકબીજા તરફ જોવા લાગ્યાં. બરાબર આ સમયે મહારાજા પણ બહાર આવ્યા. એમની નજર પાંચે રાણીઓ પર પડી. એ તો મૂંઝવણમાં મૂકાઈ ગયા.

મહારાજને જોઈ સૌથી મોટાં રાણી આગળ આવ્યાં અને એમણે કહ્યું, ‘આ બધું શું છે, મહારાજ ? ભગવાન ન કરે, પણ અમારા સિવાય પણ બીજાં કોઈ રાણી છે શું ?’

‘આ તમે શું કહી રહ્યાં છો, મહારાણી ?’ મહારાજે ચમકીને કહ્યું.

‘તો પછી ?’ વચેટે પ્રશ્ન કર્યો.

‘અને અમે પણ આ સમાચાર સાંભળીને આવ્યાં છીએ.’ બાકીની રાણીઓ બોલી ઊઠી.

‘કંઈક તો ગરબડ છે. એવું તો નથી ને કે કોઈ પડોશી રાજ્યનાં મહારાણી ન રહ્યાં હોય ?’ મહારાજાએ ધીમેથી કહ્યું.

‘પણ આ સમાચાર કહ્યા કોણે ?’ નાની રાણીએ પૂછ્યું.

‘મને તો સેનાપતિએ કહ્યું’ મોટાં રાણીએ કહ્યું.

‘અને સેનાપતિ ?’ મહારાજાએ બીજો સવાલ કર્યો.

‘મહારાજાનો જય હો, મને સિપાઈએ કહ્યું’ સેનાપતિએ ઝૂકીને કહ્યું.

‘અને સિપાઈને ?’ વચેટ રાણીએ પૂછ્યું.



સિપાઈએ ત્રણ વાર ઝૂકી ઝૂકીને બધી વાત કરી. મહારાજાએ હુકમ કર્યો કે ' પેલા વૃદ્ધને બોલાવો !

સિપાઈ પેલા વૃદ્ધને લઈને દરબારમાં હાજર થયો. મહારાજાએ પેલા વૃદ્ધને પોતાની પાસે બોલાવ્યો અને સ્નેહથી પૂછ્યુ કે 'શું વાત છે, વૃદ્ધ પુરુષ ? ક્યાંના રાણી હતાં તે ?'

પેલા વૃદ્ધે રડતાં રડતાં કહ્યું કે, 'તે મારી રાણી હતી.'

મહારાજાએ ચમકીને પૂછ્યું, 'શું તમારાં રાણી ? શું મતલબ ? શું તમારી કોઈ દીકરીનું નામ  રાણી હતું ?'

'ના મહારાજ ! દીકરી નહીં, મારી રાણી… હાય મારી રાણી ! પૂરું ત્રણ કિલો દૂધ આપતી હતી ! હાય, હું લૂંટાઈ ગયો. એના આધારે તો હું મારાં બાળ–બચ્ચાનું પાલનપોષણ કરી રહ્યો હતો. હાય મારી વહાલી બકરી, હાય મારી રાણી !'

'બકરી !' આ સાંભળી બધાં એકસાથે ચમકી ઊઠ્યાં.

પેલા વૃદ્ધને રડતો જોઈ મહારાજાએ કહ્યું, ‘હવે તમે શાંત થઈ જાવ, વૃદ્ધ ! શું તમારા ભરણપોષણનો એ જ આધાર હતી ?’

‘હા મહારાજ, ગરીબ માણસ છું. પાંચ જુવાન દીકરીઓ છે. લગ્નની ઉંમરની.’

વૃદ્ધની વાત સાંભળી મહારાજાએ જે ચુકાદો સંભળાવ્યો તેથી બધાંને આશ્ચર્ય થયું અને આનંદ પણ થયો. મહારાજાએ જણાવ્યું કે, ‘પ્રજાની શક્તિથી જ આપણું રાજ્ય બન્યું છે.’

મહારાજાની વાત પૂરી થતાં જ આખો દરબાર હર્ષનાદથી ગુંજી ઊઠયો.

■